# આપની રેલીમાં ખેડૂતની આત્મહત્યા

## ખેડૂતે આત્મહત્યા કરી હોવા છતાં કેજરીવાલે સંબોધન જારી રાખ્યું જેથી વધુ વિવાદ : રેલીને લઇને એએપી સામે પ્રશ્ન



નવી દિલ્હી,તા. ૨૨

આમ આદમી પાર્ટીની રેલીમાં દોસાના ખેડૂત ગજેન્દ્રસિંહે આત્મહત્યા કર્યા બાદ દેશભરમાં ખળભળાટ મચી ગયો છે. આના કારણે એએપીના નેતા અરવિંદ કેજરીવાલ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. કેજરીવાલે આજે રેલીમાં આક્ષેપ કર્યો હતો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકાર ખેડૂત વિરોધી નીતિઓને આગળ વધારી રહી છે. ઔદ્યોગિક ગૃહોના ઈશારે સરકાર ચાલી રહી છે. દેશભરના ખેડૂતો નાખુશ દેખાઈ રહ્યા છે. એએપીની રેલીમાં રાજસ્થાનના ખેડૂત ગજેન્દ્રસિંહે આત્મહત્યા કરી લીધી હતી. ગજેન્દ્રસિંહને રામમનોહર લોહિયા હોસ્પિટલમાં લઈ જવામાં આવતા તેમને મૃત જાહેર કરાયા હતા. તબીબોએ પણ નિવેદનમાં કહ્યું હતું કે, હોસ્પિટલમાં લવાયા ત્યારે ગજેન્દ્રસિંહનું મોત થઈ ગયું હતું. એએપીની રેલીમાં આજે ગંભીર વળાંક આવ્યો હતો. વિવાદાસ્પદ જમીન અધિગ્રહણ બિલ સામે દિલ્હીમાં એએપીની રેલી યોજાઈ હતી. જેમાં એએપીના તમામ કાર્યકરો અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મોદી સરકાર ઉપર આક્ષેપો કર્યા હતા. ભાજપ અને કોંગ્રેસે એક બાજુ કેજરીવાલ ઉપર પ્રહારો કર્યા છે. એએપીના નેતા આશુતોષે કહ્યું હતું કે, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વૃક્ષ ઉપર પહોંચીને ખેડૂતને બચાવી લે તેવો પ્રશ્ન મિડિયાને કરતા વધારે વિવાદમાં આવી ગયા છે. આશુતોષે કહ્યું હતું કે, આગલી વખતે ખેડૂતને બચવવા મુખ્યમંત્રીને વૃક્ષ ઉપર પહોંચી જવા અપીલ કરવામાં આવશે. રાજસ્થાનના ખેડૂતે દિલ્હીના મુખ્યમંત્રી રેલીમાં સંબોધન કરે તેના થોડાક સમય પહેલા જાહેરમાં વૃક્ષ ઉપર લટકી જઈને આત્મહત્યા કરી લીધી હતી. નીચે રહેલા મોટી સંખ્યામાં લોકોએ આ કઠોર પગલું ન લેવા કહ્યું હતું પરંતુ ગજેન્દ્રસિંહે કોઈની વાત સાંભળી ન હતી. ગજેન્દ્રસિંહ દોસાના ખેડૂત છે. તેઓ જંતરમંતરમાં લીમડાના વૃક્ષ ઉપર ચડી ગયા હતા અને પોતાના ફેટાને ગરદનમાં ભરાવીને આત્મહત્યા કરી લીધી હતી. ખેડૂતોની દુર્દશાનો મામલો આજે સપાટી ઉપર આવ્યો હતો.

રામમનોહર લોહિયા હોસ્પિટલમાં આ ખેડૂતને તરત લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. જો કે, આ રેલીને રોકવામાં આવી ન હતી. મુખ્યમંત્રીએ રેલીને સંબોધી હતી. સંબોધન પૂર્ણ થઈ ગયા બાદ કેજરીવાલે કહ્યું હતું કે તેઓ સિંહને મળવા હોસ્પિટલ જઈ રહ્યા છે.

## આપ માટે ભાષણ, કેરિયર મહત્વનું : ભાજપનો આક્ષેપ

નવીદિલ્હી,તા. ૨૨

આમ આદમી પાર્ટીની રેલીમાં ગળેફાંસો ખાઈને ખેડૂતે આત્મહત્યા કરી લીધા બાદ આ મામલે હવે રાજકીય આક્ષેપબાજીનો દોર શરૂ થઈ ગયો છે. આ મામલે પણ રાજનીતિ શરૂ થઈ ગઈ છે. એક બીજા ઉપર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. એક બાજુ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આ સમગ્ર મામલામાં તપાસ કરવાનો આદેશ જારી કરી દીધો છે. ગૃહમંત્રાલયે દિલ્હી પોલીસને કાવતરાના પાસાઓમાં તપાસ કરવા માટે પણ કહ્યું છે કે, હકીકતમાં આ મામલે રાજનીતિનો દોર હવે શરૂ થયો છે. અન્ય રાજકીય પક્ષોએ પણ પોતપોતાના આક્ષેપો કર્યા છે. એકબાજુ ભાજપે કહ્યું છે કે, આ મામલામાં તપાસ થવી જોઈએ. બીજી બાજુ એએપીના પ્રવક્તા આશુતોષે કહ્યું છે કે, ભાજપ સરકાર ખેડૂત વિરોધી નીતિઓને આગળ વધારી રહી છે જેના પરિણામ સ્વરુપે આ બનાવ બની રહ્યા છે. ઔદ્યોગિક ગૃહોના ઈશારે મોદી સરકાર ચાલી રહી છે. ભાજપ કોર્પોરેટ જગતને મદદ કરવા માંગે છે. આશુતોષે પ્રશ્ન કરતા કહ્યું છે કે, ખેડૂત વિરોધી વટહુકમ લાવીને ખેડૂતોને નારાજ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. એએપી ઉપરાંત અન્ય રાજકીય પક્ષોએ પણ આ મુદ્દે આક્ષેપબાજી કરી છે. ભાજપના પ્રવક્તા સંબીત પાત્રાએ આક્ષેપ કરતા કહ્યું છે કે, કેજરીવાલને પહેલાથી જ આ બાબતની જાણ હતી કે, વૃક્ષ સાથે લટકી જનાર વ્યક્તિનું મોત થઈ ચુક્યું છે. ભાજપના પ્રવક્તાએ કહ્યું છે કે, આ બનાવ ખુબ જ દુખદ છે. આજે જીવન કરતા રાજનીતિ વધારે મહત્વની બની ગઈ છે. તમામ બાબત મિડિયાના કેમેરામાં રેકોર્ડ છે. આમ આદમી પાર્ટીના કોઈપણ નેતા મંચ ઉપરથી આ વ્યક્તિને બચાવવા ઉતર્યા ન હતા. ભાજપે આક્ષેપ કર્યો છે કે, ખેડૂતે આત્મહત્યા કરી હોવા છતાં અરવિંદ કેજરીવાલ ભાષણ આપતા જ રહ્યા હતા. એએપીના કોઈપણ નેતાએ ખેડૂતને બચાવવાના પ્રયાસ કર્યા ન હતા. આત્મહત્યા બાદ પણ કેજરીવાલે ૭૪ મિનિટ ભાષણ આપ્યું હતું.

## ભારતમાં સામાન્ય કરતા ઓછો વરસાદ રહેશે : સરકાર ચિંતિત

નવી દિલ્હી,તા. ૨૨

ભારતીય હવામાન વિભાગે વર્ષ ૨૦૧૫ માટે મોનસુનને લઈને તેની પ્રથમ આગાહી જારી કરી દીધી છે. મોનસુનને લઈને પહેલાથી જે આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી તે હવે યોગ્ય સાબિત થાય તેવું દેખાઈ રહ્યું છે. કેન્દ્રિય વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન હર્ષવર્ધને આ વર્ષે મોનસુનમાં સામાન્ય કરતા ઓછો વરસાદનો અંદાજ વ્યક્ત કર્યો છે. તેઓએ આ વખતે દુષ્કાળ પડવાની ૩૩ ટકા આશંકા વ્યક્ત કરી છે અને સામાન્ય વરસાદ થવા માટે ૨૮ ટકાની આગાહી કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પહેલાથી જ મજબૂત અલ નીનોને ધ્યાનમાં લઈને ભારતમાં મોનસુન સિઝન દરમિયાન દુષ્કાળ પડવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. આનાથી ભારતના ચોખાથી લઈને ખાંડ અને કપાસના પાકને નુકસાન થવાનો ખતરો તોળાઈ રહ્યો છે. આ અગાઉ ભારતમાં મોનસુન ૨૦૦૯ દરમિયાન અલ નીનોની માઠી અસર થઈ હતી. ચાર દશકમાં સૌથી ખતરનાક દુષ્કાળની સ્થિતિ સર્જાઈ હતી. હવામાન વિભાગે આજે આગાહી કરી છે કે, જૂનથી સપ્ટેમ્બર દરમિયાન મોનસુનની સિઝનમાં સામાન્ય કરતા ઓછો વરસાદ રહેશે. પત્રકાર પરિષદને સંબોધતા હર્ષવર્ધને કહ્યું હતું કે, ૫૦ વર્ષની સરેરાશનો ૯૩ ટકા વરસાદ રહેશે. નોર્મલ મોનસુનની આગાહી ૨૮ ટકા જેટલી છે જ્યારે નોર્મલ મોનસુન કરતા વધારે વરસાદની આગાહી નહીવત જેવી દેખાઈ છે. આઈએમડીની આગાહીથી મોદી સરકારની ચિંતા વધી ગઈ છે. કારણ કે, સરકાર અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવાના પ્રયાસ કરી રહી છે. ફુગાવાને કાબૂમાં લેવાના પ્રયાસ પણ કરી રહી છે. ગયા વર્ષે ઓછો વરસાદ અને છેલ્લા થોડાક મહિનામાં કમોસમી વરસાદ થયો છે. જેથી દેશના જુદા જુદા ભાગોમાં ઉભા પાકને નુકસાન થયું છે. સામાન્ય કરતા ઓછા વરસાદથી ખેડૂતોની ચિંતામાં વધારો થઈ શકે છે. ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ અલ નીનોની પણ વાત કરી હતી. રસપ્રદ બાબત એ છે કે, સ્કાયનેટે હાલમાં જ આગાહીમાં કહ્યું હતું કે, ભારતમાં આ વર્ષે સામાન્ય મોનસુનની સ્થિતિ રહેશે. ગયા વર્ષે મોનસુનમાં ૫૦ વર્ષની સરેરાશ કરતા ૧૧.૯ ટકા ઓછો વરસાદ રહ્યો હતો જેથી ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને તેલગાણા સહિતના રાજ્યોમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

## જમીન બિલને લઈને રાહુલ દેશમાં મિટિંગ કરવા તૈયાર

નવી દિલ્હી,તા. ૨૨

ખેડુતોની સમસ્યાને લઈને માર્ગથી સંસદ સુધી મોદી સરકારને ઘેરી રહેલા કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આ મુદ્દે પોતાની પક્કડને વધારે મજબુત કરવા માટે તૈયારી કરી લેવામાં આવી છે. જેના ભાગરૂપે હાલમાં પાર્ટીમાં બેઠકો અને તૈયારીઓનો દોર ચાલી રહ્યો છે. ચર્ચા છે કે રાહુલ બજેટ સત્ર બાદ દેશમાં પ્રવાસે નિકળનાર છે. જે ગાળા દરમિયાન ખેડુતોના મુદ્દાને જોરદારરીતે રજૂ કરવામાં આવનાર છે. તેઓ દેશભરમાં ખેડુતોની સમસ્યા અને તેમના સંઘર્ષને જાણવા માટે પ્રયાસ કરશે. સુત્રોએ કહ્યું છે કે રાહુલની આંબેડકર જંયતિના કાર્યક્રમના સિલસિલામાં પણ ફરવાની યોજના છે. એમ કહેવામાં આવે છે કે મે મહિનાના અંત સુધી તેઓ આંબેડકરની ૧૨૫મી જયંતિના પ્રસંગે મહુમાં કોંગ્રેસની રાષ્ટ્રીય બેઠકમાં ભાગ લઈ શકે છે. બજેટ સત્રના પ્રથમ હિસ્સામાં ગેરહાજર રહેલા રાહુલને હવે બીજા તબક્કા સુધી દિલ્હીમાં રાખવાની યોજના રહેલી છે. પાર્ટીના એક સિનિયર નેતાએ માહિતી આપતા કહ્યું છે કે આવનાર સમયમાં જીએસટી અને અન્ય મહત્વના બિલ રજૂ કરવામાં આવનાર છે. જેના પરિણામસ્વરૂપે રાહુલ હાલમાં દિલ્હીમાં રહેશે. આ ગાળા દરમિયાન તેમની ભાવિ યોજના તૈયાર કરી લેવામાં આવનાર છે. રાહુલ ગાંધી પરત ફર્યા બાદ રાહુલે સંસદથી માર્ગ સુધી જે માહોલ તૈયાર કર્યો છે તેને જાળવી રાખવા કોંગ્રેસ ઈચ્છુક છે. લાંબી રજા બાદ પરત ફરેલા રાહુલે હાલના દિવસોમાં જુદા જુદા નેતાઓ અને જુદા જુદા પ્રતિનિધીઓ સાથે વાતચીત જારી રાખી છે. પ્રવાસ પર રવાના થતા પહેલા તેઓ રાજ્યોની સમસ્યાને સમજવા માટે ઉત્સુક છે. જેથી તેઓ પ્રભારી, લોકો, પ્રતિનિધીઓ અને પીસીસી વડાઓને મળી રહ્યા છે. રાજ્યવાર રણનિતી બનાવવાની તૈયારી ચાલી રહી છે.

## બિહાર : પ્રચંડ વાવાઝોડાથી ૩૨ મોત, ભારે તબાહી થઈ

પટણા,તા. ૨૨

બિહારમાં તોફાની પવન સાથે ફુંકાયેલા વાવાઝોડા અને વાવાઝોડાના કારણે હજારો ઝુંપડપટ્ટીને નુકસાન થયું છે. સાથે સાથે ઉભા પાકને પણ નુકસાન થયું



તોફાનના કારણે ઓછામાં ઓછા ૩૨ લોકોના મોત થઈ ગયા હતા અને ૮૦થી વધુ લોકો ઘાયલ થયા છે. પ્રચંડ વાવાઝોડાના કારણે ભારે અંધાધૂંધી બિહારના કેટલાક ભાગોમાં ફેલાઈ ગઈ છે. કમોસમી વરસાદ અને કરા પડવાના કારણે દેશના ઘણા ભાગોમાં ખેડૂતોની હાલત કફોડી બનેલી છે ત્યારે હવે વાવાઝોડાના કારણે બિહારમાં પણ હાલત કફોડી બની ગઈ છે. બિહારના ત્રણ જિલ્લાઓમાં ગઈકાલે મોડી રાત્રે પ્રચંડ વાવાઝોડું ફુંકાયું હતું. બિહાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના મુખ્ય સચિવે માહિતી આપતા કહ્યું છે કે, મહત્તમ ૨૫ લોકોના મોત પૂરણિયા જિલ્લામાં થયા છે જ્યારે છ લોકોના મોત માધેપુરામાં થયા છે. એક વ્યક્તિનું મોત મધુબાનીમાં થયું છે. પુરણિયા, માધેપુરા, સરહસા, મધુબાની, સમસ્તીપુર, દરભંગા સહિતના વિસ્તારોમાં તોફાની પવન સાથે વાવાઝોડું ફુંકાયું હતું જેના કારણે હજારો વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. વિજ પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. વિજળીની લાઈનો તુટી પડી હતી. હજારો ઝુંપડા અને ઉભા પાકને નુકસાન થયું છે. મકાઈ, ઘઉં અને કઠોળના પાકને નુકસાન થયું છે. આ જિલ્લામાં માર્ગ પરિવહનને પણ માઠી અસર થઈ છે. કારણ કે રાજમાર્ગો ઉપર વૃક્ષો પડી ગયા છે. ભારતીય હવામાન વિભાગના અધિકારીઓએ કહ્યું છે કે, ૬૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાયો હતો. નેપાળથી ઉદ્ભવેલા આ પવનના કારણે પુરણિયા, સિતામઢી, દરભંગામાં માઠી અસર થઈ હતી. વિનાશક વાવાઝોડા અને આંધીના કારણે નુકસાન થયું છે. રડાર ડેટામાં દર્શાવવામાં આવ્યું છે કે, ૬૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાયો છે. આ પ્રકારના વાવાઝોડા આ સિઝનમાં સામાન્ય રહે છે.

આને કાલબૈશાખી અથવા નોરવેસ્ટર નામ અપાયું છે. રાજ્ય સરકારે અસરગ્રસ્ત જિલ્લાઓમાં મોટાપાયે બચાવ અને રાહત કામગીરી હાથ ધરી છે. માર્યા ગયેલા લોકોના સગા સંબંધીઓ માટે ચાર-ચાર લાખ રૂપિયા વળતરની જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રી નીતિશકુમારે બે જિલ્લામાં હવાઈ નિરીક્ષણ કર્યું છે. નિતીશે કહ્યું છે કે, તેઓ અંગતરીતે પુરણિયા અને ભાગલપુરમાં પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છે. પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહી છે. તમામ યોગ્ય પગલા લેવાની ખાતરી તેમણે આપી છે.

## શ્રુતિ હસન સામે ઠગાઇનો કેસ આખરે પાછો ખેંચાયો

મુંબઈ,તા. ૨૨

બોલિવુડ અને દક્ષિણ ભારતની લોકપ્રિય અભિનેત્રી શ્રુતિ હસન સામે રહેલા છેતરપિંડીના કેસનો ઉકેલ આવી ગયો છે. તેની સામેના કેસનેહવે પરત ખેંચી લેવામાં આવ્યો છે. અગ્રણી પ્રોડકશન કંપની પિક્ચર હાઉસ મિડિયાએ આજે શ્રુતિ સામે કેસ પાછો ખેંચી લીધો છે. તેલુગુ-તમિળ દ્વિપક્ષીય પ્રોજેક્ટમાં તે કામ કરી રહીછે. તમિળ ફિલ્મ પ્રોડ્યુસર્સ કાઉન્સિલ અને સાઉથ ઈન્ડિયન ફિલ્મ આર્ટિસ્ટ એસોસિએશન દ્વારા મામલામા દરમિયાનગીરી કરવામાં આવી હતી. જેથી કેસને મૈત્રીપૂર્ણ રીતે ઉકેલી લેવામાં આવ્યા છે. કેસનો ઉકેલ આવતા શ્રુતિએ એસઆઈએએનો ઉકેલ આવી ગયો છે. દરમિયાન વધારે વ્યસ્ત કાર્યક્રમ હોવાના કારણે શ્રુતિની જગ્યાએ એક ફિલ્મમાં હવે તમન્ના ભાટિયાને લઈને લેવામાં આવી છે. શ્રુતિ હાલમાં દક્ષિણ ભારત અને બોલિવુડમાં સક્રિય થયેલી છે. તે બોલિવુડની ત્રણ ફિલ્મમાં કામ કરી રહી છે. તે વેલકમ બેક નામની ફિલ્મમાં કામ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રુતિ હસન કમલ હાસન અને સારિકાની પુત્રી છે. બન્ને વિતેલા વર્ષોના મહાન કલાકાર તરીકે છે. કમલ હાસન ભારતીય સિનેમાના સ્ટાર તરીકે ગણવામાં આવે છે. શ્રુતિ હસન સામે ઘણા સમયથી ઠગાઈનો કેસ ચાલી રહ્યો હતો જેના કારણે તે કેટલાક પ્રોજેક્ટોને લઈને મુશ્કેલી અનુભવી રહી હતી પરંતુ કેટલીક સંસ્થાઓએ દરમિયાનગીરી કરતા હવે આ કેસનો અંત આવી ગયો છે.

**કેન્દ્રીય પ્રધાન દ્વારા ચાદર ચઢાવાઈ**

## અજમેર શરીફમાં મોદી વતી ચાદર અર્પણ



અજમેર,તા. ૨૨

કેન્દ્રીય પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ આજે વિશ્વપ્રસિદ્ધ ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તીની દરગાહ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી ચાદર ચઢાવવામાં આવી હતી. વડાપ્રધાને શાંતિ અને પ્રગતિ માટે આ ચાદર ચઢાવી છે. નકવીએ નિવેદનમાં કહ્યું હતું કે, દેશની પ્રગતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી છે. ચાદર અર્પણ કરવામાં આવ્યા બાદ વડાપ્રધાન તરફથી સંદેશો વાંચવામાં આવ્યો હતો. ગઈકાલે સત્તાવાર યાદી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અજમેર શરીફમાં વાર્ષિક ઉર્સના પ્રસંગે લોકોને શુભેચ્છા આપી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત મોટા સંતો અને ધાર્મિક વડાઓની ધરતી રહી છે. મોદીએ ખ્વાજાના સંદેશની પણ લોકોને યાદ અપાવી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી તરફથી પણ દરગાહમાં ચાદર ચઢાવવામાં આવી ચુકી છે. અજમેર શરીફમાં ઉર્સની શરૂઆત થઈ ચુકી છે.

## હવે સાંસદોને એરપોર્ટે સુવિધાથી વાઢેરા ખફા

નવી દિલ્હી,તા. ૨૨

વિમાની મથકે કેટલીક ખાસ સુવિધાઓ નહીં મળવાથી નારાજ થયેલા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાએ આજે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી. સાંસદો અને અન્ય વીઆઈપી લોકોને આપવામાં આવેલી એરપોર્ટ ટર્મિનલ બિલ્ડિંગ ખાતેની સુવિધાને લઈને કેન્દ્રની ટિકા કરી હતી.

વાઢેરાએ ફેસબુક પેજ ઉપર કહ્યું છે કે, ભારતમાં વિમાની મથકે ખાસ સુવિધા માટેની યાદીમાં તેમના નામનો ઉલ્લેખ કરીને ચર્ચા થઈ રહી છે. આ સુવિધા તેમની દુર કરવામાં આવી ચુકી છે. વાઢેરાએ કહ્યું હતું કે, તેમના પ્રવર્તમાન સિક્યુરિટી જવાનોને પણ વિમાની મથકની અંદર જવાની મંજુરી અપાતી નથી. વાઢેરાએ કહ્યું છે કે, તેઓ એસપીજીની સુરક્ષા ધરાવતા નથી. તેમના બાળકો અને તેઓ હંમેશા સામાન્ય યાત્રીની જેમ જ મુસાફરી કરે છે. તમામ નિયમો પાળે છે. નાગરિક ઉડ્ડયન મંત્રી અશોક ગજપતિના નામનો ઉલ્લેખ કર્યા વગર વાઢેરાએ તેમના ઝાટકણી કાઢી હતી.

**લોકસભામાં રાહુલ ગાંધીએ પોતાના તેવર ફરી દર્શાવ્યા**

## મોટા ઉદ્યોગપતિઓના હાથમાં નેટના અધિકારો આપવા પ્રયાસ

નવી દિલ્હી,તા. ૨૨

જમીન અધિગ્રહણ બિલ અને ખેડૂતોના મુદ્દાને લઈને રામલીલા મેદાન અને લોકસભામાં પોતાના તેવર દર્શાવી ચુકેલા રાહુલ ગાંધીએ આજે નેટ ન્યુટ્રાલિટીના મુદ્દા ઉપર પણ સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, મનરેગા, ભોજનના અધિકારની જેમ જ યુવાનો માટે ઈન્ટરનેટ પણ એક અધિકાર છે. કેન્દ્ર સરકાર મોટા મોટા ઉદ્યોગપતિઓના હાથમાં નેટના અધિકાર આપવાના પ્રયાસ કરી રહી છે. રાહુલે કહ્યું હતું કે, ૧૦ લાખ લોકોએ આની વિરુદ્ધમાં પોતાના વિરોધની રજૂઆત કરી દીધી છે. સરકારે નેટની સ્વતંત્રતા જાળવી રાખવી જોઈએ. નેટ ન્યુટ્રાલિટી નિશ્ચિત કરવા માટે રાહુલ ગાંધીએ કાયદામાં ફેરફાર કરવા અથવા તો નવા કાયદાની વાત કરી હતી. રાહુલ ગાંધીએ બુધવારે નેટ ન્યુટ્રાલિટી ઉપર ચર્ચા માટે પ્રશ્નકાળને મોકૂફ રાખવાની દરખાસ્ત રજૂ કરી હતી પરંતુ અધ્યક્ષ સુમિત્રા મહાજને નોટિસને સ્વીકાર કરવાનો ઈન્કાર કર્યો હતો. અલબત્ત તેમને મોડેથી આ મુદ્દે વાત કરવાની મંજુરી આપવામાં આવી હતી. પોતાના ભાષણની શરૂઆતમાં રાહુલ ગાંધીએ બરાક ઓબામા દ્વારા મોદીની પ્રશંસા કરવાની વાત કરી હતી. રાહુલ ગાંધીને યોગ્ય મુદ્દા ઉપર વાત કરવા સુમિત્રા મહાજને ઠપકો આપ્યા બાદ રાહુલે ફરી પોતાના મુદ્દા ઉપર આવ્યા હતા અને એનડીએ સરકાર ઉપર આક્ષેપ કર્યો હતો કે, જમીનની જેમ જ ઈન્ટરનેટ પણ યુવાનો પાસેથી આંચકી લઈને ઔદ્યોગિક ગૃહોને સોંપવાની કવાયત ચાલી રહી છે. અલબત્ત શાસક પક્ષ તરફથી આનો જોરદાર વિરોધ કરવામાં આવ્યો હતો. લોકસભામાં આ મુદ્દે વાત કરતા રાહુલ ગાંધીએ આક્રમકરીતે રજૂઆત કરી હતી. યુવાનો નેટ ન્યુટ્રાલિટી માટે જોરદાર લડત ચલાવી રહ્યા છે જ્યારે સરકાર આની વિરુદ્ધમાં કામ કરી રહી છે.

## એલપીજી સબસિડી છોડી દેવા અનિલ અંબાણીની જાહેરાત

નવીદિલ્હી,તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાકલને માન આપીને ઉદ્યોગપતિ અનિલ અંબાણીએ રાંધણગેસ સબસિડી છોડી દીધી છે. સાથે સાથે તેમના ગ્રુપના એક લાખ જેટલા કર્મચારીઓને પણ સબસિડી છોડી દેવા અપીલ કરી છે. મુકેશ અંબાણી, આનંદ મહિન્દ્રા, અનિલ અગ્રવાલ, ગૌત્તમ અદાણી, ઉદય કોટક, કિશોર બિયાની સહિતના ટોચના ઉદ્યોગપતિઓની યાદીમાં અનિલ અંબાણી પણ જોડાઈ ગયા છે. અનિલ અંબાણીએ તેમના કર્મચારીઓને પણ આ જ પ્રકારની અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે, અમારા તમામ લોકો માટે આ એક સારી તક છે. ઉર્જા બચત, સામાજિક એકતા પ્રત્યે જવાબદારી અદા કરવાનો સમય આવી ગયો છે. ખુબ જ ઓછા કુદરતી સંસાધનોના ઉપયોગને સુધારવાની પણ જરૂર છે. મોદીએ ગયા મહિનામાં ગીવ ઈટ અપ અભિયાનમાં સામેલ થવા લોકોને અપીલ કરી હતી.

## પ્રસંગસર (પાના નં. ૪ નું ચાલુ)

પુસ્તકો આપણને નમ્રતા શીખવાડે છે, તે આપણને પરોપકારિકા શીખવાડે છે, તે આપણને આપણો ભૂતકાળ સાથે જોડાયેલાં રાખે છે અને અત્યારે દુનિયામાં શું બની રહ્યું છે તેની સાથે સંકળાયેલા રાખે છે, આજની વિશાળ દુનિયામાં આપણે કેટલાં નાના છીએ તેનું આપણને ભાવ કરાવે છે અને કોઈ એક વ્યક્તિ ઈચ્છે તો કેટલું કરી શકે છે તેનું જ્ઞાન આપે છે. તે આપણને આપણા દેશ, આપણાં અધિકારો અને કર્તવ્યો શીખવે છે, પરાક્રમી લોકો દેશ માટે શું કરી ગયા છે, દેશના લોકો માટે અને સૌની ભલાઈ માટે તે બતાવે છે. અને તેની સાથે જ તે આપણાં મગજને વિકૃત કે હતાશ પણ કરી દે છે.

પુસ્તકો વિશે ઘણું કહી શકાય પણ કોને? કોઈ પુસ્તક હાથમાં લે ત્યારે ને? તો ચાલો, આજથી શરુ કરીએ, એકાદ પુસ્તક સૂવાનાં પલંગ પાસે રાખીએ વાંચતા વાંચતા ઊંઘ આવી જાય તો પણ વાંધો નહિ, કારણ કે 'બર્ટાન્ડ રસેલે કહ્યું છે કે, કોઈ પણ ઘરમાં કિંમતી ફર્નિચર કરતાં ત્યાં પડેલું એક પુસ્તક વધુ મૂલ્યવાન છે.' સારાં પુસ્તકો સંસ્કૃતિનાં પ્રતિનિધિ છે અને પ્રતિનિધિ તો આપણાં ઘરમાં હોવા જોઈએ ને?

પુસ્તકો વિષયક કેટલીક ચિંતન કર્ણિકાઓ મમળાવીએ અને પુસ્તકોમાં રહેલા અણમોલ ખજાનો લૂંટીએ.

● પુસ્તકો પ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરી રાજયમાં પહોંચવાનો પરવાનો છે,જે સુખ તમને અનંત સમૃદ્ધિ અને મહેલોમાં નહીં મળે તે સુખ તમને ઉત્તમ પુસ્તકોમાંથી મળશે.

- સ્વામી વિવેકાનંદ

● જો કોઈ મારી સામે સારું પુસ્તક ધરે અને તે મેળવવા જો મારે સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા પણ કરવી પડે તો તે મંજુર છે.

- સોક્રેટિસ

● ગરીબાઈ છે તેથી શું? નદીમાં તરીને પણ મિત્રને ત્યાં પુસ્તક વાંચવા જઈશ.

- લાલબહાદુર શાસ્ત્રી

● પુસ્તકોનો કોઈ વિકલ્પ જ નથી, પુસ્તકો એ વિશ્વદર્શનની બારીઓ છે, હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ, કારણ કે એનામાં શક્તિ છે કે જયાં હશે ત્યાં એની મેળે જ સ્વર્ગ રચી દેશે.

- લોકમાન્ય તિલક

● પુસ્તકોનું મૂલ્ય રત્નો કરતાં પણ અમૂલ્ય છે. રત્નો તો બાહ્ય ચમક-દમક આપે છે, જયારે પુસ્તકો અંતઃખરણને ઉજજ્વળ બનાવે છે. પુસ્તકો મન માટે સાબુનું કાર્ય કરે છે. જેને પુસ્તક વાંચવાનો શોખ છે તે દરેક સ્થળે સુખી રીતે રહી શકે છે.

- મહાત્મા ગાંધી

● આંખ સામે રહેલી વસ્તુનું જ્ઞાન મેળવવા માટે પણ પુસ્તકો વાંચવા પડે છે.

- રવિન્દ્રનાથ ટાગોર

● કેટલાંક પુસ્તકો ચાવવાનાં હોય છે, કેટલાક ગળી જવાનાં હોય છે અને કેટલાંક ચાવીને પચાવવાનાં હોય છે.

- ફ્રાન્સિસ બેકન

● પુસ્તકો વગરનો ઓરડો આત્મા વગરના દેહ સમાન છે અને સારા પુસ્તકો ઘરમાં વસાવવા તે ઘરને દેવમંદિર બનાવવા સમાન છે.

- સિસેરો

● જે ઘરમાં ઉત્તમ પુસ્તકો ન હોય તે ઘરમાં દીકરી આપતાં પહેલાં વિચાર કરજો.

- ગુણવંત શાહ

● જીવીશ બની શકે તો એકલા પુસ્તકથી

- કલાપી

● મા જન્મ આપે છે પુસ્તકો જીવન આપે છે.

- મોરારિ બાપુ

● પ્રત્યેક પુસ્તકો પોતાના કવર પેજનાં ઘુંઘટમાં રુપાળો ચહેરો છુપાવીને બેઠું છે, જાણે મને કહેયું ન હોય, ઘુંઘટ કા પટ ખોલ રે તો હે પિયા મિલેગે.

- સુરેશ દલાલ

પુસ્તકો આજે દેખાયમાંય રુપકડાં બન્યા છે, ચીનમાં એક કહેવત છે કે, 'પુસ્તકો એ ખિસ્સામાં રાખીને ફરી શકાય તેવો બાગ છે. જે પુસ્તક બંધ રહે છે તે કેવળ કાગળનો ઢગલો જ છે.' આવું બગીચા જેવું એકાદ પુસ્તક પણ તમે આજે ખરીદી, વાંચો છેવટે હાથમાં લો એ જ આ વિશ્વ પુસ્તક દિને અંતઃકરણ પૂર્વકની હાર્દિક શુભેચ્છા!